* A A R - 0 0 1 - 0 0 1 2 2 2 *

**AAR-001-001222** Seat No. ________

**B. A. (Sem. II) (CBCS) Examination**

**April / May - 2016**

**Gujarati : Paper - IV**

**(Gujarati Vyakaran, Sarjan, Lekhan, Kaushal - II)**

*(Core) (Ele.)*

**Faculty Code : 001**

**Subject Code : 001222**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

સૂચના : (૧) વિભાગ–૧માં M.C.Q. પ્રકારના કુલ વીસ પ્રશ્નો છે. દરેકના ગુણ સરખા છે. દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(૨) વિભાગ–૨માં કુલ ચાર પ્રશ્નો છે. દરેક પ્રશ્નના ગુણ અલગ–અલગ છે.

વિભાગ – ૧

૧ નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો. (૨૦)

(૧) પરિચ્છેદનો અર્થ વિસ્તાર કરવો કે તેનું વિવરણ કરવાની શૈલી એટલે ?

(a) વ્યાસ શૈલી (b) સમાસ શૈલી

(c) અનુલેખન શૈલી (d) લઘુ લેખન શૈલી

(૨) આપણાં વિરામ ચિહ્નો મુખ્યત્વે કઈ ભાષાના લેખનમાંથી મળ્યા છે.

(a) અરબી (b) હિન્દી (c) અંગ્રેજી (d) સંસ્કૃત

(૩) 'ઝાઝા હાથ રળિયામણા' કહેવતની સમાન અર્થ ધરાવતી નીચેનામાંથી કઈ કહેવત છે.

(a) ઝાઝી કીડીઓ સાપને તાણે (b) ઝાઝા મળ્યાને ખાવા ટળ્યા

(c) ઝાઝી સુયાણી વેતર વંઠે (d) ઝાઝી ખેતીએ ઘણી લથડે

(૪) 'પંચરાત્રિ' કયા સમાસનું ઉદાહરણ છે.

(a) દ્વંદ્વ (b) મધ્યમ પદલોપી (c) કર્મધારેય (d) દ્વિગુ

(૫) નીચેનામાંથી કયું વિરામ ચિહ્ન વાકય કે શબ્દની બન્ને બાજુએ આવે

(a) ! (b) ; (c) "......" (d) ?

(૬) સંક્ષેપીકરણમાં મૂળ પરિચ્છેદનો .............. સંક્ષેપ કરવાનો હોય છે.

(a) ૧/૫ (b) ૧/૪ (c) ૧/૨ (d) ૧/૩

(૭) સંક્ષેપીકરણ કરનારમાં નીચેનામાંથી કયો ગુણ હોવો જોઈએ ?

(a) કેન્દ્રસ્થ વિચારને પામવાની શકિત (b) તર્કની આગવી શકિત

(c) મૂળ વાતને લાઘવથી મૂકવાની શકિત (d) અતિ લંબાણ કરવાની ટેવ

(૮) 'બેઉ બાજુનો લાભ લેવો' – અર્થ વ્યકત કરતી નીચેની કહેવત છે.

(a) એક પગ દૂધમાં એક પગ દહીમાં (b) એક પંથ દો કાજ

(c) એક નૂર આદમી હજાર નૂર કપડાં (d) એક નર હજાર હુન્નર

(૯) અલ્પવિરામ મુખ્યત્વે કયું કામ કરે છે ?

(a) વિસ્મયનું (b) ઊંડાણ દર્શાવવાનું

(c) વિભાજનનું (d) સંયોજનનું

(૧૦) ગદ્યખંડનું વિવરણ કરતી વખતે આપણો અંગત મત દર્શાવવાનો હોય છે ?

(a) આપણો અંગત મત દર્શાવવાનો હોય

(b) આપણો અંગત મત દર્શાવવાનો ન હોય

(c) આપણો અંગત મત દર્શાવવાનો હોય અને ના હોય

(d) આમાંથી એકેય નહીં

(૧૧) વાકયમાં વિરામ ચિહ્નો કઈ રીતે મૂકવામાં આવે છે ?

(a) વાકય અનુસાર (b) ભાષા અનુસાર

(c) અર્થ અનુસાર (d) શબ્દ અનુસાર

(૧૨) સામાસિક શબ્દોને છૂટા પાડવા વચ્ચે રેખા મુકાય તેને કયા નામે ઓળખવામાં આવે છે ?

(a) અવતરણ રેખા (b) વિગ્રહરેખા

(c) આડી રેખા (d) વિરામ રેખા

(૧૩) 'કાસળ કાઢવું' – રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(a) કાજળ કાઢવું (b) નાશ કરવું

(c) સર્જન કરવું (d) બચાવ કરવો

(૧૪) સંક્ષેપલેખનની ભાષા કેવી હોવી જોઈએ ?

(a) તળપદી (b) સરળ અને શુદ્ધ

(c) ભારેખમ (d) અશુદ્ધ

(૧૫) પુર્ણ વિરામની નિશાની કઈ છે ?

(a) . (b) : (c) ! (d) ?

(૧૬) કયા સમાસના વિગ્રહ સમયે બે પદ વચ્ચે 'કે' મૂકવામાં આવે છે ?

(a) ઈતરેતર દ્વન્દ્વ (b) વૈકલ્પિક દ્વન્દ્વ

(c) સમાહાર દ્વન્દ્વ (d) ઉપપદ

(૧૭) 'આપ ભલા તો જગ ભલા' – કહેવતનો અર્થ શું થાય છે ?

(a) ભલા સાથે બધા ભલાઈથી વર્તે (b) ભલા સાથે બધા ભલાઈથી ન વર્તે

(c) ભલા સાથે બધા બુરાઈથી વર્તે (d) આપ સાથે બધા બુરાઈથી વર્તે

(૧૮) ગદ્યખંડના વિવરણમાં ભાષા કેવી હોવી જોઈએ ?

(a) અશુદ્ધ (b) શુદ્ધ (c) તળપદી (d) અશિષ્ટ

(૧૯) વાકયમાં વિરામ ચિહ્નો કઈ રીતે મૂકવામાં આવે છે ?

(a) વાકય અનુસાર (b) ભાષા અનુસાર

(c) અર્થ અનુસાર (d) શબ્દ અનુસાર

(૨૦) 'મનગમતું' – મનેગમતું – કયો સમાસ છે ?

(a) બહુવ્રીહિ (b) ઉપપદ (c) દ્વિગુ (d) કર્મ તત્પુરુષ

વિભાગ – ૨

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : (૧૦)

દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે અને તેના સત્યને હૃદયંગમ્ય કરે છે. વિવેચન, દેવ આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્યને સ્ફુટ કરે છે, એટલું જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચનએ સાચા જીવતા સર્જન સાહિત્યનો વાઙ્મય પ્રાણ ધબકાર છે. વિવેચનથી જ સર્જન સાહિત્ય નવે નવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે, નવાયુગને ગ્રાહ્ય થાય છે. સાચું સર્જન અને સાચું વિવેચન ભાવના, ચિંતન અને વિચારોના ભાવી ઝોક પણ બતાવે છે. સર્જન અને વિવેચન પોતાના જમાનાની જીવનફિલસૂફી ઘડે છે.

– રા. વિ. પાઠક

અથવા

કાવ્યનો કલ્પનો ઈન્દ્રિય સંતર્પક નિવડવા જોઈએ. હવે આપણી વિવેચના ઈન્દ્રય વ્યત્યયને પણ ઓળખાવતી થઈ છે. નવી કવિતા જે નવા ઉન્મેક્ષો પ્રગટાવે છે તેને તપાસી લેવાની ઉત્સાહને વિવેકભરી પ્રવૃત્તિ કંઈક શિથિલ થઈ ગઈ હોય એવી એકંદરે છાપ પડે છે. કાવ્ય

સાહિત્યના વિકાસના જુદાજુદા તબક્કાનો પરિચય આપે ને એના મુખ્ય લક્ષણો તથા સિદ્ધિ મર્યાદાને પ્રગટ કરી આપે એવા સંકલનો આપણી પાસે કયાં છે ? મનોરંજક કવિ સંમેલનો યોજવાનો જેટલો ઉત્સાહ છે તેટલો એ કવિઓની કવિતા જોડે પ્રત્યક્ષ સંપર્ક સાધવાનો ઉત્સાહ દેખાતો નથી. આથી પુણ્ય પ્રકોપની માત્રા વધુ દેખાય છે, સહાનુભૂતિ ઓછી.

– સુરેશ જોશી

૩ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : (૧૦)

નદીને જો કોઈ ઉપમાં આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી એ જન સમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલુ વાતાવરણ કયાં ? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે.

– કાકા કાલેલકર

અથવા

હકનું સાચું મૂળ કર્તવ્ય પાલનમાં રહેલું છે. જો આપણે બધાં આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણો હક્કો મેળવવા બહુ દૂર નહિ જવું પડે. જો આપણી ફરજો બજાવ્યા વગર આપણે હક્ક પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે. અને તેની પાછળ જેટલા વધારે પડીશું તેટલા તે આપણાંથી દૂર ને દૂર રહેશે. શ્રીકૃષ્ણે આજ ઉપદેશ ગીતાના અમર શબ્દોમાં આપ્યો છે. 'તારો અધિકાર કેવળ કર્મનો છે ફળનો નહીં'

અહીં કર્મ એટલે ફરજ; ફળ એટલે હક્ક. જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો હક્ક જેટલો પશું પંખીને છે તેટલો જ સરખો હક્ક મનુષ્યને છે. અને દરેક હક્કની સાથે તેને લગતી ફરજ અને હક્ક પર હૂમલો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાનો જ હોય છે ; તેથી આ પ્રાથમિક પાયારૂપ સમાનતાને સાચવવાને સારું તેને લગતી ફરજો અને ઈલાજો શોધી કાઢવા જ રહ્યા. મારા અંગો વડે શ્રમ કરવો એ હક્કને લગતી ફરજ છે. અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે સહકાર કરવો એ હક્ક સાચવવાનો ઈલાજ છે.

– ગાંધીજી

૪ (અ) નીચેના રૂઢિ પ્રયોગના અર્થ આપી વાકયમાં પ્રયોગ કરો : (કોઈ પણ ચાર) (૦૮)

(૧) ખડે પગે રહેવું (૨) ફુલાઈ જવું

(૩) બે વેણ કહેવા (૪) હળવા ફૂલ થઈ જવું

(૫) પરિક્રમા કરવી (૬) એક ઘા ને બે કટકા

(૭) નાતજાતમાં પુજાવું (૮) કોઠે પડવું

(બ) સમાસનો વિગ્રહ કરી ઓળખાવો : (કોઈ પણ ચાર) (૦૮)

(૧) રેલગાડી (૨) સીમારેખા

(૩) ન્યાયસભા (૪) કુવચન

(૫) પંચપાત્ર (૬) મા બાપ

(૭) હિંદુ સમાજ (૮) ટાઢ તડકો

૫ (અ) નીચેનામાંથી કોઈ પણ સાત વાકયમાં વિરામ – ચિહ્નો મૂકો : (૦૭)

(૧) ઉતાવળું અવિચારી પગલું શા કામનું

(૨) પેલું પુસ્તક કાં તમે વાંચો કાં હું વાંચું

(૩) તેનો જન્મ ૩રમાં થયો.

(૪) મેઘ વરસે છે ને મોર નાચે છે

(૫) તમે ના પાડશો ખરું ને

(૬) ના રે ના મારે એ પ્રશ્નની જરૂર નથી.

(૭) પહેલો પ્રશ્ન તને મળ્યો ખરો

(૮) કોણ રાજુ તું પરીક્ષાખંડમાં શા માટે આવ્યો

(૯) પરીક્ષામાં તે પાસ થયો તેને બી.એડ્માં પ્રવેશ મળ્યો.

(૧૦) જો હું આવ્યો હોત પણ એ નહીં કહું

(બ) નીચે આપેલી કહેવતોના અર્થ આપો : (કોઈ પણ સાત) (૦૭)

(૧) આખું કોળું શાકમાં ગયું.

(૨) કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી.

(૩) આગે આગે ગોરખ જાગે.

(૪) આવતી વહુને બેસતો રાજા વખાણાયાં તો વખાણાયાં.

(૫) આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.

(૬) આવો ભાઈ હરખા આપણે બેઉ સરખા.

(૭) ચાદર પ્રમાણે સોડ તાણવી

(૮) કાગડો દહીંથરું લઈ ગયો.

(૯) કાકા મટીને ભત્રીજા થવું.

(૧૦) ખાટલે મોટી કોટ પરથમ પાયો ન જ મળે.